ૐ

# શીવલીંગ શંકા.


રચિત.

વ્યાસજી, વલ્લભરામ સુર્યરામ.

ઠે. રાયપુર પખાલીની પોળ—અમદાવાદ.



પરોપકારાર્થે છપાવનાર.

મોક્ષમારગી

ગોસાઇ, રામગરજી રેવાગરજી.

રેવાશી, ગામ કડધરા, તાબે ડભોઈ.

આવૃતી ૧ લી    પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૬    સને ૧૯૨૦


કીમત બે આના.

પાછળ પુંઠા પર લખેલાં પુસ્તકો.
પરબ્રહ્મનિષ્ટ.
વ્યાસજી માહારાજ વલ્લભરામ સુર્યરામને ઘેરથી મળશે.
ઠે. રાયપુર પખાલીની પોળ.
મુ. અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે
છાપ્યું. સલાપોસ રોડ—અમદાવાદ.

ૐ

# શીવલીંડની શંકા.

સંવત ૧૯૭૩ના શ્રાવણ માસમાં અમદાવાદ રાયપુર પખાલીની પોળના નિવાશી, પરબ્રહ્મનિષ્ટ વ્યાસજી મહારાજ વલ્લભરામ સુર્યરામ. તે કાંકરીયા તળાવ પાસે પોતાના ક્ષેત્રમાં પોતે સ્થાપીત કરેલા ૐકારેશ્વરના મંદિરમાં એકાન્ત સ્થળ જાણી બ્રહ્માનંદમાં રહેતા હતા. ત્યાં મહારાજની શેવામાં હું વ્યાસ, મગનલાલ ઉર્ફે આનંદરામ દયારામ મહારાજશ્રીનો મુખ્ય શીષ્ય હરનિશ તેમની પાસેજ રેહેતો હતો.

ત્યાં જોશી શીવશંકર તથા પુરાણી વજેશંકર તથા ઓરંગાવાદના શાસ્ત્રી વિરેશ્વર વિગેરે બ્રાહ્મણો તથા જૈન ધરમી મોહોકમશા તથા સાંકળચંદ તથા વૈષ્ણવ છગનલાલ તથા શીવ ધરમી મોતીભાઇ વિગેરે પંદર માણુસો અન્યો અન્ય વિવાદ કરી શંકાનું સમાધાન થવા માટે ત્યાં ૐકારેશ્વરમાં આવી માહારાજશ્રીને નમસ્કાર કરી મહારાજની સનમુખ બેઠા. એટલે માહારાજશ્રીએ આદરમાન આપી હસ્તે મુખે આવેલા ભાઇઓને પૂછ્યું અહો માહાશયો અને ભક્તજનો આટલે સુધી આવવાની તસ્દી કેમ લીધી ? એટલે શીવ ધરમી મોતીભાઇએ કહ્યું, હે માહારાજ ઘણા દીવસથી મહાદેવને માટે આ જગતમાં ઝગડો ચાલ્યા કરે છે. તેનું સમાધાન મન કબુલ કરે તેવું કોઇ કરી આપતું નથી. માટે અમારી શંકાનું સમાધાન થવા

સારૂ આપની પાસે આવ્યા છીએ. વળી અમોએ ઘણા માણસોના મોઢેથી એવી વાત સાંભળી છે કે ધર્મ સબંધી ગમે તેવી શંકા હશે, પણ તે શંકાનું સમાધાન વ્યાસજી વલ્લભરામ વિના બીજો કોઇ કરે તેમ નથી. કેમકે તેમણે ઘણા લોકોની ઘણી શંકાઓનાં સમાધાન ન્યાય નીતિ વિવેકને વ્યવહારમાં અનુસરતાં અને સંભવિત ભાસે તેવાં તેમ આપણાં અંતઃકર્ણ કબુલ કરે તેવાં તેવાં સમાધાન કરેલાં છે. અને તેવાં સમાધાનનાં કેટલાંક પુસ્તકો તેમના મોક્ષમારગી ભક્તોએ છપાવી બાહાર પાડેલાં છે. ન્યાય વલ્લભ શંકા સમાધાન ભાવાર્થ પ્રકાશ વિગેરે છે, તે જોતાં એમ ભાસે છે કે તે માહારાજ સરવે શંકાનું સમાધાન કરી શકે તેમ છે. એવી વાત ઘણે ઠેકાણેથી સાંભળી આપની પાસે તસ્દી આપવા આવ્યા છીએ.

વ્યાસજીએ કહ્યું જુઓ ભાઇઓ તમારી શંકા પુર્ણ હશે તો સમાધાનની વાત કરીશું ને અપુર્ણ હશે તો પ્રથમ પુરેપુરી શંકાઓ કહી બતાવિશું. તે વખત તમને અજ્ઞાનતાથી એમ લાગશે કે આતો નાસ્તીકની વાત જણાય છે. એવું મનમાં નહી લાવતાં સંપુર્ણ સાંભળશો ને ન્યાય નિતી વિવેકને વ્યવહારથી વિચારશો તો તમારા મનનું પુરેપુરૂ સમાધાન થશે.

હવે તમારી શું શંકા છે તે શાન્તીથી કહો. અમને કોઇ કાળે સતસંગમાં ક્રોધ થવાનો નથી. અને અમને અમારો પ્રેરક પ્રભુ સુજાડશે તો ઉત્તર આપીશું; નહી તો ના કહીશું. માટે સુખરૂપે અભયપણે પુછો?

એવાં વ્યાસજીનાં નિરાભીમાની વચન સાંભળી મોતીભાઇ બોલ્યા. હે માહારાજ આ શ્રાવણ માસમાં ઘણાક બ્રાહ્મણો વિગેરે શીવ ભક્તો;

શીવ શેવા શીવ પુજન અને શીવ સ્મર્ણ કરે છે. તેમ શીવજીના ઉપર કુંપજળ ગંગાજળ તથા ગોપય ચઢાવે છે. તેમ ચંદન પુષ્પ અક્ષત બીલીપત્ર વિગેરે ચઢાવે છે. તે વિશે અમારે એવું પુછવાનું છે કે જે શીવસ્થાપન છે તે દાળ વાટવાની નીહાના ઉપરના નિસાતરા જેવા આકારનું, કોઇ સ્થળે લાંબુ કોઈ સ્થળે ટુંકુ શીવસ્થાપન હોય છે. તેને ઘણા લોકો શીવનું બાણુ કહે છે. ને ઘણા લોકો શીવલીંડ. કેહે છે. માટે પુછીએ છીએ કે એ તે શીવનું બાણુ, એટલે જે ધનુષ્ય ઉપર ચઢાવી યુદ્ધ કરવાના કામમાં આવે છે તે હશે? કે, શીવલીંડ. એટલે શીવજીની લઘુશંકા કરવાની મૈથુન ઈંદ્રી કહે છે, તે ઈંદ્રી હશે? વળી વિદ્વાન લોકો પણ તેમજ કહે છે ને તેમજ સમજાવે છે. તેમ શીવ પુરાણમાંથી લખેલું બતાવે છે, તે પણ માહાદેવજીની મૈથુન ઈંદ્રીજ લખે છે. માટે પુછીએ છીએ કે એ તે શીવનું બાણુ પુંજાય છે કે શીવજીની મૈથુન ઈંદ્રી પુંજાય છે? એટલો ખુલાસો કરો?

વ્યાસજી કહે છે અરે ભાઇઓ એમાં અમને શું પુછો છો. તમો તમારી બુદ્ધીથી વિચાર કરો.

એટલે વિરેશ્વર બોલ્યા, અરે વ્યાસજી માહારાજ વિચાર કરતાં અને અન્યો અન્ય વિવાદ કરતાં બુદ્ધિ પાછી પડે છે; માટે તમને પુછવા આવ્યા છીયે.

**વ્યાસજી**—અરે ભાઇઓ આ શંકા જગતમાં ઘણા વખતથી ચરચાય છે. પણ હજી સુધી તેનો નીર્ણય કોઇ માહાત્મા કરી શકતા નથી. કારણ કે શીવપુરાણમાં લીંડ પુંજાય છે એવું લખાણ વાંચીને માહાત્માઓ તથા અંધ શ્રદ્ધાળુ અજ્ઞાનીયો તે વાત ખરી માંની બેઠા છે. જેમ આંધળાને આધાર લાકડીનો, તેમ અજ્ઞાનીઓને વગર

વિચારે આધાર પુસ્તકનો છે. તેથી અમારો અભીપ્રાય એવો છે કે જે જેને જે ગમ્યું તે ખરૂં છતાં તમોએ આટલે સુધી તસ્દી લીધી માટે તમારી શંકાનું સમાધાન કરી આપવું જોઇએ.

જુઓ શીવનું બાણુ કહેનારા કહે છે તે ખોટું છે જો તે બાણુ પુંજાતું હોય તો, તે શીવપુજન થયું કે શીવપુંજન કર્યું કહેવાય નહિ. એતો બાણુપુજન કહેવાય. શીવના અંગનો કોઇ પણ ભાગ પુજાતો હોય તોજ શીવપુજન થયું ગણાય. માટે શીવનું બાણુ કહે છે તે ખોટું છે. એવાં વ્યાસજીનાં વચન સાંભળી વિરેશ્વર શાસ્ત્રી જોડે આવેલાને કહેવા લાગ્યા, જુઓ ભાઇઓ અમે કહેતા હતા તે ખરી વાત. જુઓ અમે કહ્યું હતું કે શીવનું બાણુ પુજાતુ નથી, એતો શીવનું લીંડંજ પુંજાય છે.

**વ્યાસજી**—અરે શાસ્ત્રીબાવા શીવલીંડ એટલે લઘુશંકા કરવાની મૈથુન ઇંદ્રી પુજાય છે, તે તો વાત તદનજ ખોટી છે.

**શાસ્ત્રી**—અરે વ્યાસજી માહારાજ શીવપુરાણમાં લખેલું તે વાત કેમ ખોટી કહેવાય ?

**વ્યાસજી**—જુઓ ભાઈ શીવપુરાણુમાં માહાદેવને શ્રાપ થવાથી, માહાદેવની મૈથુન ઇંદ્રી એટલે લીંડ તુટી પડ્યું ને તેના બાર કટકા થવાથી બાર જોતીર્લિંડ થયાં તેથી ઘણા મનુષ્યો એમજ માને છે. અને એમજ જાણે છે. પણ તે વાત સંભવતી નથી તેમ શોભતી પણ નથી. માટે તે વાત ખોટી છે.

**શાસ્ત્રી**—અરે વ્યાસજી માહારાજ શીવપુરાણુ વેદ વ્યાસજીનું કરેલું તેમાં એવું લખાણુ છે માટે વ્યાસજીનું લખેલું કેમ ખોટું કહેવાય ?

વ્યાસજી—જુઓ ભાઇ શીવપુરાણમાં માહાદેવને સ્રાપ થવાથી માહાદેવની મૈથુન ઇંદ્રી એટલે લીંડ' તુટી પડ્યું, ને તેના બાર કટકા થવાથી બાર જોતીલિંડ' થયાં એમજ ઘણા લોકો માને છે, ને એમજ જાણે છે; પણ તે વાત સંભવતી નથી તેમ એવી નીર્લજ વાત શોભતી પણ નથી. તેથી તે વાત ખોટી છે. એતો જગતના જીવોને નિતીમાં રાખવા વ્યાસજીએ નહીં પણ કોઇ વિદ્વાને વિષયી જીવોને ભય આપવા માહાદેવ જેવાનું નામ આપી શીવપુરાણમાં ઉમેરણ કરેલું છે. તેને નહીં સમજતાં અજ્ઞાની લોકો એટલે સુધી કહે છે કે શીવની ઇંદ્રી શ્રાપથી તુટી પડી, તે પાર્વતીએ પોતાના ભગમાં એટલે એબમાં ઝીલી લીધી, તેથી શીવાલયમાં જે જળાધારી કહેવાય છે તે પાર્વતીની યોની છે. તે ઇંદ્રીનો ને યોનીનો સંયોગ છે. અરેરે આવિ બેઅદબી વાત સમજુ પુરૂષોએ કહેવી કે સાંભળવી તે કેવી શરમ ભરેલી વાત છે.

હે શાસ્ત્રી બાવા માહાદેવ અને પાર્વતી તે જગતના માતા પીતા છે. તેની નીર્લજ વાત કરતાં તમને કંપારી કેમ છુટતી નથી. જાઓ જાઓ શાસ્ત્રી બાવા લોકોને એવું ઉંધું ઉંધું સમજાવશો નહી. અને માહાદેવનું લીંડ' પુજાય છે એવું કોઇને કહેશો નહી. કેમકે તે વાત ખોટી છે. છતાં તે વાત ખરી માનતા હોતો શીવના લીંડ' વિશે શંકાઓ થાય છે, તેના ખુલાસા આપો.

## શંકા પહેલી.

જુઓ ગંગાના પુત્ર ગાંગેવજીએ પોતાની મૈથુન ઇંદ્રી છેદી નાંખી. તે તેમણે ભીશ્મ કર્મ કર્યું કેહેવાયું. ને તેવું કરવાથી તથા કહેવાયાથી એમનું નામ ગાંગેવજી મટી જઇને ભીશ્મજી નામ પડ્યું. તેમ અરજુનજીને સ્વર્ગથી અપછરાનો શ્રાપ એક વર્ષ સુધી નપુંશક

રહેવાનો થયો. તેથી એની મૈથુન ઇંદ્રી નીરબળતાને પામી. એટલે વેરાટ નગ્રમાં એનું નામ વ્યંઢળ પડયું હતું. તેમજ હાલ પણ આખલાને એટલે ગાયના વાછડાને ખાંશી કરે છે. એટલે તેનું નામ બળદ કહેવાય છે. તેમજ મનુષ્યમાં કોઇ પુરૂષનું પુરશાતન જતું રહે છે. અથવા મૈથુન ઇંદ્રી છેદાય છે. તો તેનું નામ ફાતડો કે હીઝડો કહેવાય છે. તો જ્યારે માહાદેવની ઇંદ્રી તુટી પડી ત્યારે તેમનું નામ ફાતડો હીજડો કે વ્યંઢળ એવું નપુંશકમાં નામ પડવું જોઇએ. તેવું નપુંશકતાનું નામ માહાદેવજીનું કોઇ ઠેકાણે પડયું છે? જો પડયું હોય તો કોઈ ગ્રંથમાંથી બતાવો છો?

## શંકા બીજી.

અરે ભાઇઓ તમારા સર્વેનું ધારવું એવું છે કે વેદ વ્યાસજીએ શીવ પુરાણ કરેલું છે. તે તમારૂ ધારવું ખોટું છે. જુઓ વેદ વ્યાસજી દ્વાપર યુગમાં થએલા છે. અને તે પહેલા ત્રેતા યુગમાં શ્રી રામચંદ્રે સ્વેતબીન્દુ રામેશ્વર એવું નામ આપીને શીવ સ્થાપના કરેલી છે. તે ઇંદ્રીનું સ્થાપન કરેલું કે કાંઈ બીજુ. જો ઇંદ્રીનું સ્થાપન થયું હોય તો માહાદેવજીના પુત્ર ગણપતી અને પુત્રી ઓખા દ્વાપરમાં થએલાં છે. એવું લખાણ મોજુત છે. માટે વિચાર કરો કે માહાદેવની ઇંદ્રી ત્રેતા યુગમાં તુટી પડેલી હતી તો એ બે છોકરાં મહાદેવજીનાં પાર્વતીને પેટ ક્યાંથી ઉત્પન થયાં? આ ઉપરથી માહાદેવની ઇંદ્રી તુટી પડેલી હોય તે વાત સંભવતી નથી. અને રામચંદ્રે ત્રેતામાં શીવનું લીંગ સ્થાપન કર્યું તે પણ સંભવતું નથી.

## શંકા ત્રીજી.

કોઈ પણ સ્ત્રી પોતાના પતી શીવાય પર પુરૂષની એબ નીરખે અથવા એબ સાથે પોતાના અંગનો કોઇ પણ ભાગ અરાડે

તો તે સ્ત્રી રોમ રોમ નરકે પડે, તેમ તેને મહા પાપ લાગે તેમ તેનું સતીવ્રત ભંગ થાય. એવું નિતી વાક્ય આખા જગતના જાણ્યામાં છે. છતાં આપણી સ્ત્રીઓ તથા મા બેહેનો ને દીકરીયો શીવાલયમાં દરસન કરવા જાય છે, તે શું માહાદેવના લીંડના એટલે મૈથુન ઇંદ્રીનાં દરસન કરતી હશે? વળી કેટલીક સ્ત્રીઓ તો તેનું પુજન કરે છે તે જળ રેડી હાથ ફેરવી નવરાવે છે. ને શીવલીંડની આશીકા લે છે. તે શું માહાદેવની મૈથુન ઇંદ્રીને તેમ કરતી હશે? જો શીવના લીંડને એમ કરતી હોય તો નીતિનો ભંગ થયોજ. માટે તે લીંડ સંભવતું નથી. તેમ તેવું કહેવું તે પણ શોભતું નથી.

## શંકા ચોથી.

શીવાલયમાં શીવનું લીંડ હોય તો તે શીવાલયમાં તે લીંડની પાસે પાર્વતી, તથા ગણપતી તથા ગણપતીની સુદ્ધી બુદ્ધી નામની બે સ્ત્રીયો તથા તેમના લાભ લક્ષ બે દીકરા તે સરવે એકજ સ્થળમાં હળી મળી વિંટાઇ બેઠેલાં હોય છે. એવું શીવાલય જોતાં એમ લાગે છે કે આ શીવ કુટુંબ કેવું નીર્લજ ને નફફટ હશે કે એક બીજાની લાજ મરીયાદ ને શરમ નહી રાખતાં હળીમળીને બેઠાંછે. આતે કેવાં નીર્લજ હશે? કદી પાર્વતી તો શીવનાં સ્ત્રી છે તેથી તે તો લીંડની પાસે બેસે, તો પણ એકલાં ને એકાન્તમાંજ બેસે. તથાપી મા દીકરો દીકરાંની વહુઓ સરવે ઉઘાડા લીંડની પાસે નજીક નજીક બેસે, આતે વાત કેમ મનાય? વળી દીકરાની વહુઓ સસરાના લીંડ પાસે બેઠેલાં કેમ શોભે, છતાં વિદ્વાન માહાત્મા થઇ બેઠેલા, બીચારા ભોળા લોકોને આ વાત મનાવે છે. આથી તે અજ્ઞાન કેટલું જોઇએ. આ જગતને અજ્ઞાની વિદ્વાનોએ ગાલ ગપોડાં ને દંત કથાથી તદન અ-

ગ્યાન કરી દીધા છે. અરે કાંકતો વિચારો; શીવનું લીંડ એટલે મૈથુન ઇંદ્રી લઘુશંકા કરનારી પુજાય છે તે સંભવતુ નથી નથી ને નથી.

## શંકા ચોથી.

અરે શાસ્ત્રી બાવા શીવાલયમાં જેને તમે લીંડ કહો છો તે લીંડ ઉપર પાણીની ગળતી શા માટે મુકો છો ? શું લીંડ ખઇડાએલું હતું. કે લીંડમાં કાંઈ ગરમઇ થઇ હતી કે અગન બળતી હતી કે તમો ઠંડક રહેવા ગળતી મુકો છો ?

## શંકા પાંચમી.

શીવાલયમાં જેને શીવલીંડ કહો છો, તે લીંડ જેની વચમાં સ્થાપીત કરેલું હોય છે તેને લોકો જળાધારી કહે છે. ને અગ્નાની વિદ્વાનો તે જળાધારીને પાર્વતીની યોની એટલે એબ કહે છે, ને એમ સમજાવે છે કે શ્રાપ થવાથી શીવનું લીંડ ટુટી પડીને પાતાળ જતું રહેતું હતું તે પાર્વતીએ જઈ પોતાનું ગુપ્ત સ્થળ ધરીને લીંડ ઝીલી રાખ્યું છે. વાહરે વાહ વિદ્વાનોને ધન્ય છે ? ? ? માહાદેવ અને પાર્વતી તે આપણા માતાપીતા છે એમ માનીએ છીએ. તેની બીભસ્ત એબની વાત કરતાં આપણી જીભે કાંટા વાગવા જોઇએ. જગત જેને જળાધારી કહે છે તેને યોની ઠરાવી છે, ને શીવનું લીંડ ઠરાવ્યું છે, વાહરે વાહ ? ? ? વળી પાર્વતીની એબ અને શીવનું લીંડ તે એઉના સંગમનાં દર્શન છે. એમ વિદ્વાનો કહે છે. તો ત્યાં આપણાથી જવાયજ કેમ ને જોવાય કેમ ? છતાં આપણુ તથા આપણી માબેન દીકરીઓ ત્યાં જઈ પાણી રેડી પાર્વતીની એબ અને માહાદેવની એબને હાથ ફેરવી ધોઇ નાંખીએ છીએ. શું એવું કામ આપણે કરીએ છીએ ? ના ના વળી તે સંગમના દેખાવને ગણપતી

અને સુદ્ધી બુદ્ધી નીરખેજ કેમ? અરે અજ્ઞાનથી છવાઇ ગએલા ભાઇઓ કાંક વિચાર કરીને બોલો. શીવાલયમાં પાર્વતીની યોનીને શીવનું લીંડ કહે છે તે ખોટું ને જુઠું છે.

## શંકા છઠ્ઠી.

શીવાલયમાં જે જળાધારીમાં સ્થાપન થએલું છે. તે લીંડ હોય તો લીંડને આપણા કપાળ જેવું કપાળ હશે? ના લીંડને કપાળ હોતું નથી. ને હોયજ નહી. તો તેને ચાંલ્લો જે ચંદ્રા કારે ત્રીપુંડ્ર કરો છો, તે એકજ તરફ જેમ આપણા કપાળે કરીએ છીએ તેમ લીંડને એકજ તરફ કેમ કરો છો? જો તે લીંડ હોય તો લીંડને કપાળ હોતું નથી, છતાં જેમ આપણા કપાળમાં ત્રીપુંડ્ર કરીએ તેમ કેમ કરો છો? લીંડને તો બધી તરફ ફરતું ચંદન કરવું જોઇએ. છતાં જેમ કપાળમાં કરીએ છીએ તેમ એક તરફ કરો છો તો તે કપાળ ખરૂ કે નહી? જો ફરતું ગોળાકાર ચંદન કરો તો તે ત્રીપુંડ્ર કહેવાય નહી.

## શંકા સાતમી.

શીવાલયમાં લીંડને વિંટાઇને ફણીધર નાગ લીંડથી એક વેહેત ઉંચી ફણા માંડેલો જળાધારી ઉપર બેસાડો છો, અને તે જળાધારીને યોની કહો છો, તો તે શું પાર્વતીની એબ ઉપર નાગને બેસાડો છો? કાંક વિચારીને વાત કરો. આતો આખી ભુલ ખાઓ છો.

## શંકા આઠમી.

ઉનાળામાં શીવના ભગ્તો શીવલીંડ ઉપર ભાંગ (સબજી) બનાવીને ચઢાવો છો. જેમાં નીશા (કેફ) રહેલી છે તેની ધારા કરો છો, એટલે રેડો છો. તે શું લીંડને કેફ ચઢાવવા રેડતા હશો? તે લીંડ શું ભાંગ પીતું હશે?

## શંકા નવમી.

શીવાલયમાં શીવને જમવા સારૂ ઉત્તમ પદાર્થોની રસોઇ કરી શીવના મોઢા આગળ થાળ ધરાવો છો, ને એમ કહો છો કે શીવજીના મોઢા આગળ થાળ મુકો; કોહો છો મોઢા આગળ, અને માનો છો લીંડ એ એમાં ખરૂ શું ? શીવાલયમાં શીવનું લીંડ છે એમ માનો છો તો લીંડ થાળ જમતું હશે કે તેને થાળ ધરાવો છો ?

## શંકા દસમી.

શ્રાવણ માસમાં શીવલીંડ ઉપર શીવજીનું મુખારવિંદ એટલે ગળાથી માંડીને મુસ્તક સુધીની આકૃતિવાળુ મુખ પેહેરાવો છો. તે શું શીવાજીના મુખમાંજ શીવજીનું લીંડ પેહેરાવો છો; એટલે માહાદેવના મોઢામાં શું મહાદેવનું લીંડ એટલે મૈથુન ઇંદ્રી ઘાલો છો ? વાહરે વાહ ? ? ? ધન્ય છે ધન્ય છે શીવાલયમાં શીવનું લીંડ છે. એમ માનનારને મનાવનારને ધન્ય છે. આ શંકાઓ વિગેરે હજી તો ઘણી શંકા છે, પણ તે કેહેતાં અમને તો ઘણી કંપારી છુટે છે ને ત્રાસ પડે છે. કેમકે મહાદેવ અને પાર્વતી આપણાં માતાપીતા છે. તેમની નીરલજ ને જુઠી વાત કરવી તે પુરણ પાપમાં પડવાનું છે. તેથી આ જુઠી વાત કાહાડવી તે અમને તો ઠીક લાગતું નથી. હર હર હર હર શંભુ શંભુ શંભુ. ક્ષમા ક્ષમા ક્ષમા.

---

અરે શાસ્ત્રી બાવા શીવાલયમાં શીવજીનું લીંડ અને પાર્વતીની યોનીનું સ્થાપન છે; એવું કેહેનારા સમજનારા ને સમજાવનારા કેવળ અજ્ઞાન છે. કદી કોઇ કેહેશો કે; ભણેલા વિદ્વાન અને

કેહેવાતા માહાત્મા પુરૂષોજ એમ કેહે છે. તેથી બીચારા બીજા જીવોને શું ? કેમકે જગતના જીવો માયામાં લપટાએલા તે અજ્ઞાનને લીધે મુર્ખ છે; તેથી તે તો જેમ કહે તેમ હાએ હા કરે, પણ સમજાવનાર માહાત્માઓ તો મુર્ખ નહી હોય? જવાબ? ના ના તે મુર્ખ તો નહી, પણ મુરખના સરદાર, કેમકે કેહેતાબી દીવાના ને સુનતાબી દીવાના. જુઓ શાસ્ત્રી બાવા ઉપરની શંકાઓ કલપીત નથી. પ્રત્યક્ષ જોવામાં આવે છે. છતાં પુસ્તકને પકડી રહ્યા છો એ તે અજ્ઞાન કે જ્ઞાન ?

જો શીવાલયમાં લીંડ અને યોની પુજાય છે એમ માનતા હો તો ઉપરની પ્રત્યક્ષ શંકાઓનું સમાધાન કરી આપો. એવાં વ્યાસજીનાં વચન સાંભળી, આવેલા સરવે પુરૂષો સ્તબ્ધ થઈ ગયા. અને ઘણી વાર વિચાર કરી કરજોડી કેહેવા લાગ્યા કે ધન્ય છે માહારાજ ન્યાય નિતી વિવેક ને વ્યવહારમાં વિચારતાં આપનું કહેવું યથાર્થ છે. ને સત્ય છે. અમને તો અત્યારે એમજ લાગ્યું કે શીવપુરાણમાં નીરલજ બીભસ્તને ન શોભતુ લખાણ લખ્યું છે. તે તદન ખોટુંજ છે. અને તે લખાણ વેદ વ્યાસજીનું હોયજ નહી. કોઈ બીજાનું લખાણ વ્યાસજીના નામથી લખેલું હોવું જોઇએ. અને તેણે અતીશયોક્તિ કરી હોય એમ ભાસે છે.

હવે આપને પુછીએ છીએ કે શીવાલયમાં શીવનું બાણ કે શીવનું લીડ પુજાતું નથી એમ સીદ્ધ થયું. ત્યારે તે શું પુજાય છે?

વ્યાસજી—જુઓ ભાઇ અમે તો અમારા પ્રેરક પ્રભુની પ્રેરણાથી ઉત્તર આપીશું. એટલે તમને જાણ્યે કોઞડો કાડીનો લાગશે. અને તે સત્ય ભાસશે. પણ પોતાની મહતાને સારૂં મુમત મુકાશે

નહી. કેમકે હાલ આંધળા લાકડીને આધારે ચાલે છે તેમ વિદ્વાનો પુસ્તક વાંચીને પુસ્તકના આધારે કહે છે. પણ વાંચીને વિચારતા નથી. તે માટે દલપતરામ કવીએ કહ્યું છે કે:

વાંચે પણ નહી કરે વિચાર; તે સમજે નહી સઘળો સાર.

એવાં વ્યાસજીનાં વચન સાંભળી શીવ ભગત મોતીભાઇએ કહ્યું હે માહારાજ આપની યથાર્થ વાણી સાંભળી અમે તો ભ્રમીત થઇ ગયા, તેથી જે દેવ વિઘ્ન કરતા તેજ નીવારણ કરતા હોય છે. માટે આપનાં ન્યાયવાળાં નિતીવાળાં વિવેકવાળાં ને વ્યવહારમાં શોભતાં ને અનુસરતાં વચનો સાંભળી અમો ભરમાયા છીએ, તે ભ્રમણાથી અમને નીવર્ત કરો. એટલે વ્યાસજીએ ઉપરની શંકાઓનું સંભવતું ને શોભતું સમાધાન કરી આપ્યું તે સાંભળી આવેલા ભાઇઓ અતી આનંદ પામી માન્ય કરી ચાલ્યા ગયા.

આ શંકાઓ વાંચતાં ટુંકી બુદ્ધિના એમ જાણશે કે આ તો શીવ પુજનનું ખંડન કરેલું છે. પણ આ શંકાઓનું સમાધાન વાંચતાં એવી શીતળતા વળશે કે વાંચનાર નીચો વળી નમસ્કાર કરશે. તે સમાધાન છપાઇ બાહાર પાડ્યું છે. તેની કીમત બે આના રાખવામાં આવી છે.

અરે મનુષ ભાઇઓ જ્ઞાનવિના એટલે સમજ્યા વીના ગમે તેટલી ભગ્તી કરો, પણ તે ભગ્તી ફળ દાતા નથી. પણ પાપ દાતા છે.

સરવે જીવો પોતાના સારા માટે કરો છો ધર્મ અને બાંધો છો કર્મ—અળી જે કરો છો તે માનો છો સવળું પણ કરો છો અવળું.

જો સત્કર્મ સવળાં કરવાં હોય તો સારા જ્ઞાનવાન પુરૂષોની સાથે સમાગમ કરી નિરબાધ નિર્દોષ જ્ઞાન પ્રાપ્ત કરો. જે જ્ઞાન ન્યાયમાં નિતીમાં વિવેકમાં ને વ્યવહારમાં શોભતું ને સંભવતુ હશે તેજ જ્ઞાનથી મનાન્છીત ફળની પ્રાપ્તી થશે.

અખંડાનંદકી જે.

## શંકા સમાપ્ત.

# પુસ્તકોની સુચના.

પુસ્તકોની કીમત વધવાનું ખરૂ કારણ ! કાગળો તથા છપામણીની મોંઘવારી થઈ તેજ. પોષ્ટ ખરચ જુદો.

| | | |
|---|---|---|
| ૧ | ભાવાર્થ પ્રકાશ. | રૂ. ૧। |
| ૨ | મોક્ષમારગી ભગવદગીતા | રૂ. ०॥ |
| ૩ | વિજ્ઞાન વલ્લભ | રૂ. ०॥ |
| ૪ | વલ્લભ પદમાળા | રૂ. ०॥। |
| ૫ | વચન વલ્લભ સુધારા વધારા સાથે | રૂ. ०॥। |
| ૬ | શંકા સમાધાન | રૂ. ०। |
| ૭ | ન્યાય વલ્લભ | રૂ. ०। |
| ૮ | બ્રાહ્મણ શુદ્રનો સંવાદ | રૂ. ०) |
| ૯ | બ્રહ્મવાદ ખંડન | રૂ. ०) |
| ૧૦ | ત્યાગ તારણ | રૂ. ०) |
| ૧૧ | વય વિચાર | રૂ. ०) |
| ૧૨ | ધર્મ સ્થાનક | રૂ. ०) |
| ૧૩ | પ્રણુવ પટ નાહાનો | રૂ. ०) |
| ૧૪ | પ્રણુવ પટ મોહોટો | રૂ. ०) |
| ૧૫ | ત્યાગીના પત્રો, વાંચોરે વાંચો | રૂ. ०)०। |
| ૧૬ | અનુભવાનંદ પદમાળા. મગનલાલ ઉરફે આનંદરામ કૃત | રૂ. ०॥ |
| ૧૭ | શીવલીંડ શંકા સમાધાન | રૂ. ०) |
| ૧૮ | વાણી વલ્લભ | રૂ. ०॥। |
| ૧૯ | વલ્લભ નિતી બીજી | રૂ. ०॥ |
| ૨૦ | જ્ઞાન ગોષ્ટી. | રૂ. ०) |